**આંક – ૧ લગત હુકમ**

1. હાલનો કેસ છેલ્લા ઘણા સમયથી આરોપી વિરૂધ્ધ સમન્સ/વોરંટ/બિન જામીન પાત્ર વોરંટ ચાલુ છે. પરંતુ સદરહુ કેસમાં કોઇ કાર્યવાહી આગળ થતી ન હોય સદરહુ કેસને આજ રોજ રાષ્ટ્રીય લોકઅદાલત (સ્પેશ્યલ સીટીંગ) માં હાથ પર લેવામાં આવેલ છે.
2. આ કેસ પોલીસ તપાસના ચાર્જશીટના આધારે માંડવામાં આવેલ સમન્સ ટ્રાયબલ કેસ છે. આરોપીઓ સામેનો હાલનો કેસ બહુ જુનો છે. અને આરોપીઓને કોર્ટ સમક્ષ લાવવાને માટે યોગ્ય પ્રયત્નો થયેલ હોવાનું જણાઇ આવે છે તેમજ આરોપીઓને સમન્સ/વોરંટ કરવા છતા તથા પ્રોશીકયુશનને પુરતી તક આપવા છતા આરોપીઓને અત્રેની કોર્ટમાં હાજર કરી શકેલ નથી. કેસનો રેકોર્ડ જોતા તથા રોજકામ વંચાણે લેતા આ કામમાં ઘણીવાર આરોપી સામે પ્રોસેસ પોલીસે બજેલ કે વગર બજેલ પરત કરેલ નથી આથી આ કેસની કાર્યવાહી થઇ શકતી નથી અને ખાસ નિષ્ક્રિય/મૃત:પ્રાય અવસ્થામાં ઘણા સમયથી પેંડીંગ રહેલ છે. ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસ ઓથોરીટીના પત્ર ક્રમાંક નં. GSLSA/920/2022 તા. ૧૮/૦૪/૨૦૨૨ તથા ડિસ્ટ્રીકટ લીગલ સર્વીસ ઓથોરીટી સુરત ના પત્ર ક્રમાંક નં. DLSA/32/૪૭૬, તા. ૧૯/૦૪/૨૦૨૨ ના અનુસંધાને આજ રોજ રાષ્ટ્રીય લોક અદાલત યોજવામાં આવેલ છે. ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસ ઓથોરીટી ઉપરોકત જણાવેલ પત્રને ધ્યાનમાં લેતા નજીવા ગુના ક્રિ.પ્રો. કોડની કલમ ૨૫૮ હેઠળ કાર્યવાહી બંધ કરી તથા તમામ મૃત: પ્રાય (ડેડવુડ) કેસો આઇડેન્ટીફાઇડ કરી ડિસ્પોઝ કરવા જણાવેલ છે. આથી આ કેસના પ્રકારના તથા ગુનામાં થઇ શકતી સજાની જોગવાઇને ધ્યામાં લેતા તથા સ્ટેટ લીગલ સર્વીસ ઓથોરીટી ના ઉપરોકત જણાવેલ પત્રને ધ્યાનમાં લેતા તથા ***સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ ગોવર્ધનભાઇ ચંદુભાઇ પટેલ ૧૯૯૭ (૩) જી.એલ.આર. પાના***

*નં.–૧૯૪૬ તથા વી.આર.રાવ. વિરૂધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટિક, ૨૦૦૨ (૨) જી.એલ.આર પાના નં. ૧૫૪૯ તથા મુળચંદ મોતીલાલ રાગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર એન્ડ અધર્સ, ૧૯૯૬(૨) ક્રાઈમ્સ ૧૭૭* ના ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો ને ધ્યાને લેતા તેમજ ક્રિ.પ્રો કોડની કલમ ૨૫૮ અન્વયે હાલના કેસની કાર્યવાહી બંધ કરી કેસનો નિકાલ કરવા હુકમ કરવામાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– : આખરી હુકમ : –**

1. આ કેસની કાર્યવાહી ફોજદારી કાર્યરીતી અધિનિયમ,૧૯૭૩ ની કલમ ૨૫૮ મુજબ આરોપી સામેનો હાલનો કેસ હાલના તબકકે બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.
2. આરોપીને સદરહુ કેસમાંથી નિર્દોષ ઠરાવી બિન તહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
3. સદરહુ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ ક્રિ.પ્રો. કોડની કલમ–૪૫૨ તથા ક્રિમિનલ મેન્યુઅલ મુજબ નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૧૩ ઓગષ્ટ સને. ૨૦૨૨ ના રોજ રાષ્ટ્રીય લોક અદાલતમા (સ્પેશિયલ સીટીંગ) માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા. : ૧૩/૦૮/૨૦૨૨**
**સ્થળ :સુરત.**

**(રશ્મિકાંત રામચંદ્ર બારીઆ)**
**૦૯ માં અધિક સિવીલ જજ અને**
**જયુડી.મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,સુરત.**
**જજ કોડ નં.૦૧૬૦૯.**